જા.નં./હિ-૨/૨૦૧૬-૧૭/૧૯૩૫૧-૧૯૫૪૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
નવસારી જિ.નવસારી
તા. ૨૨/૦૬/૨૦૧૬

વંચાણમાં લીધા- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ગુ.રા.ગાંધીનગરના પત્ર ક્રમાંક; ઉમબ/ઉમા-૧/અનુદાન/૨૦૧૬/૪૩૬૯-૪૪૦૦ તા.૦૧/૦૬/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિનસરકારી મા.શાળા/ઉ.મા.શાળા/કલા વિદ્યાલય તથા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તરફ....
જિ.નવસારી

વિષય- બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓના વાર્ષિક ઇજાફો મુક્ત કરવા તા.૦૧/૦૭/૨૦૧૬ થી અમલવારી બાબત.

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે જિલ્લાની ગ્રાન્ટેડ બિનસરકારી મા./ઉ.મા. શાળાઓના કર્મચારીએ વાર્ષિક ઇજાફો મુક્ત કરવા તા.૦૧/૦૭/૨૦૧૬ થી અમલવારી ચકાસણી કરવા માટે નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ અચુક હાજર રહીને ચકાસણી કરવાની રહેશે.નીચે દર્શાવેલ તારીખ મુજબ રજુ કરવામાં આવશે નહી તો તેની જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે. હવે પછી મૂળ પગારના ૩ ટકા ગણતરી કરી વાર્ષિક ઇજાફો મુક્ત કરવાનો રહેશે.

| અ.નં | તાલુકા | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | વાંસદા | ૨૭/૦૬/૨૦૧૬ | ૧૧.૦૦ થી ૫.૦૦ | જિ. શિક્ષણાધિકારીની કચેરી નવસારી |
| ૨ | ચીખલી/ખેરગામ | ૨૭/૦૬/૨૦૧૬ | ૧૧.૦૦ થી ૫.૦૦ | જિ. શિક્ષણાધિકારીની કચેરી નવસારી |
| ૩ | ગણદેવી | ૨૭/૦૬/૨૦૧૬ | ૧૧.૦૦ થી ૫.૦૦ | જિ. શિક્ષણાધિકારીની કચેરી નવસારી |
| ૪ | જલાલપોર | ૨૮/૦૬/૨૦૧૬ | ૧૧.૦૦ થી ૫.૦૦ | જિ. શિક્ષણાધિકારીની કચેરી નવસારી |
| ૫ | નવસારી | ૨૮/૦૬/૨૦૧૬ | ૧૧.૦૦ થી ૫.૦૦ | જિ. શિક્ષણાધિકારીની કચેરી નવસારી |

સરકારશ્રીના તા.૦૯/૦૭/૨૦૧૩ ના ઠરાવથી ઠરાવેલ છે તે મુજબ છેલ્લા ત્રણ વર્ષથી સતત ૩૦% થી ઓછુ પરિણામ આવતું હોઇ તેવી શાળાના ધોરણ-૧૦ અને ૧૨ ના આધારે વાર્ષિક ઇજાફા સંસ્થાએ છોડવાનો(મુક્ત) કરવાનો રહેશે નહી. ( આચાર્યો તથા તે વિષયના શિક્ષકોને ચોથા વર્ષનો એક ઇજાફો ભવિષ્યની અસર વગર અટકાવવાનો રહેશે.) આ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિનિમય-૧૯૭૪ ના વિનિમય ૨૭. ૨૭(અ) તથાતે હેઠળના પરિશિષ્ટ(૧) માં જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું આવશ્યક રહેશે.

બોર્ડની પરીક્ષાના નબળા પરિણામ માટે ઇજફો અટકાવવા અંગેની જોગવાઇ સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળાના આચાર્ય, શિક્ષકોને પણ સમાન રીતે લાગુ પડશે.આ અંગે ગુજરાત રાજ્ય સેવા ( શિસ્ત) અને અપીલ નિયમો-૧૯૭૧ માં જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસારવાનું આવશ્યક રહેશે.

નોંધ- ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના છેલ્લા ત્રણ વર્ષના પરિણામ રજુ કર્યાબાદ ઇજાફાના ડેટા સ્વિકારવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
નવસારી

બિડાણ- માન. કમિશ્નરશ્રી શાળાનો તા.૦૧/૦૬/૨૦૧૬ નો પરિપત્ર

નકલ રવાના જાણ સારૂં
પ્રમુખશ્રી નવસારી જિલ્લા આચાર્યશ્રી સંઘ તરફ
પ્રમુખશ્રી નવસારી જિલ્લા વહીવટી સંઘ તરફ
પ્રમુખશ્રી નવસારી જિલ્લા માધ્યમિક સંઘ તરફ
પ્રમુખશ્રી નવસારી જિલ્લા ઉચ્ચત્તર સંઘ તરફ